COMPTROLLER OFFIC
A.A.U., Anand.
07 NOV 2020
Inward No. 6388

મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૦૭-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૬/૧૧/૨૦૨૦

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ

(૨) નાણા વિભાગનો તા.૧૩/૦૧/૨૦૨૦નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ

(૩) નાણા વિભાગનો તા. ૧૫/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૯-જીઓઆઇ-૧૬-ચ

:: ઠરાવ ::

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર સંદર્ભ(૨)માં દર્શાવેલ તા. ૧૩/૦૧/૨૦૨૦નાં સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં તા. ૦૧/૦૭/૨૦૧૯ ની અસરથી મોંઘવારી ભથ્થાનાં દરમાં વધારો કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળનાં પગારધોરણો મુજબનાં પગાર ઉપર સંદર્ભ(૩)માં દર્શાવેલ તા.૧૫/૦૨/૨૦૨૦નાં સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારનાં કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં તા.૦૧/૦૭/૨૦૧૯ની અસરથી મોંઘવારી ભથ્થાનાં દરમાં વધારો કરવામાં આવેલ છે.

જે-તે સમયે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ મુજબનાં પગારધોરણ મેળવતાં કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં, તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ એમ કુલ ૬(છ) માસનાં મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાની બાકી હતી. સદરહું મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સંદર્ભ (૨) અને (૩)માં દર્શાવ્યા મુજબનાં મોંઘવારી ભથ્થામાં વધારો કરતાં હુકમો કરવામાં આવેલ છે તે કર્મચારીઓ/પેન્શનરોનાં કિસ્સામાં, તા.૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૧/૧૨/૨૦૧૯ એમ કુલ ૬(છ) માસનાં સમયગાળા પૈકીનાં કુલ ૩ માસનાં સમયગાળા માટેની પ્રથમ હપ્તા તરીકેની ચૂકવવાપાત્ર થતી મોંઘવારી ભથ્થાનાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત ચુકવણી દિવાળીનાં તહેવાર (તા.૧૪/૧૧/૨૦૨૦) પહેલાં કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

**ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,**

(રમઝાન અ. જાફરાની)
સેકશન અધિકારી
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ-:</u>

- ➢ માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- ➢ માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ➢ માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- ➢ માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર .
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ○ સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
- ○ એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- ○ એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
- ○ એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
- ○ પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- ○ સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- ○ સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
- ○ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- ○ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- ○ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- ○ તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
- ○ સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

- ➢ પત્ર દ્વારા

જા.નં.આકૃયુ/હિનિ/કંટ્રોલ-૨/ ૬૪૮૬ /૨૦૨૦ તારીખ.૦૭/૧૧/૨૦૨૦

**મોંઘવારી ભથ્થાંનાં તફાવતની રકમ ચુકવવા બાબત...**

ઉપરોક્ત ગુજરાત સરકાર, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૦૭-ચ તા.૦૬/૧૧/૨૦૨૦માં જણાવેલ શરતોને આધિન મોંઘવારી ભથ્થાંનાં તફાવતની રકમ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને તથા પેન્શનનરો કે જેઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણાં) નિયમો-૨૦૦૯ મુજબના પગારધોરણ મેળવતાં હોય તેમને તારીખ ૦૧/૦૭/૨૦૧૯ થી તા.૩૦/૦૯/૨૦૧૯ ત્રણ માસનાં સમયગાળા માટેની પ્રથમ હપ્તા તરીકેની ચુકવવાપાત્ર થતી મોંઘવારી ભથ્થાંનાં તફાવતની રકમ રોકડમાં દિવાળીનાં તહેવાર પહેલા ચુકવણું કરવા આથી જણાવવામાં આવે છે.

આ કચેરીની ફાઇલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે.

**હિસાબ નિયામક**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારુ:-**

૧. હિસાબી અધિકારીશ્રી(પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતું થવા સારૂ.
૨. હિસાબી અધિકારી(કેશ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૩. ઓડીટ ઓફિસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતું થવા સારૂ.
૪. આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી સારુ.